# મોડાસામાં જનધન યોજનાના નામે ખાતુ ખોલવાના રૂપિયા લેવાય છે

(સમીર બલોચ) મોડાસા, તા. ૨૪

દેશની સૌથી મોટી યોજના એટલે જનધન યોજના આ જનધન યોજનામાં લોકોને મફત ખાતા ખોલાવાની સરકારે જાહેરાત કરી હતી. પરંતુ મોડાસામાં આ જનધન યોજનાનું ખાતુ ખોલવા માટે લોકો પાસેથી ૨૫ રૂપિયા લેવામાં આવે છે.

અરવલ્લી જિલ્લામાં જનધન યોજના હેઠળ અત્યાર સુધીમાં એસબીઆઈ બેંક દ્વારા ૧૨ હજાર કરતા પણ વધારે ખાતા ખોલવામાં આવ્યા છે. મોડાસામાં એસબીઆઈ બેંક દ્વારા લોકોના ખાતું ખોલાવા માટે વધારે આવતા હોય બેંક દ્વારા એક પ્રાઈવેટ કંપનીને ખાતું ખોલવા માટે સેન્ટર ફાળવવામાં આવ્યું છે. આ સેન્ટ્ર દ્વારા લોકોને બે બે વાર ધક્કા ખાવા પડે છે અને છેલ્લે ખાતું ખુલ્યા પછી ગ્રાહકો પાસેથી લેવાય છે રૂ. ૨૫, જેની કોઈ રસીદ પણ આપવામાં આવતી નથી. જેથી ખાતું ખોલાવા જતા ગ્રાહકોમાં કચવાટ ઉભો થયો છે કે આ કેવી યોજના એક તરફ સરકાર મફત ખાતું ખોલવાની વાત કરે છે તો બીજી બાજુ રૂપિયા ૨૫ લેવાય છે.

મોડાસામાં માલપુર રોડ પર આવેલા એક કોમ્પ્યુટર સેન્ટરને એસબીઆઈ બેંક દ્વારા ખાતું ખોલવા માટે સેન્ટર આપવામાં આવેલ છે જેથી આ સેન્ટર ઉપર રોજના ૨૦ કરતા વધારે ખાતા ખોલવામાં આવે છે અને આ સેન્ટર ઉપર એક અંદાજ પ્રમાણે અત્યાર સુધીમાં ૮૦૦ કરતા વધારે ખાતા ખોલવામાં આવ્યા છે. આ કોમ્પ્યુટર સેન્ટરને એસબીઆઈ બેંક દ્વારા નક્કી કરેલ ખાતાદીઠ પૈસા પણ આપવામાં આવે છે પરંતુ આ સેન્ટર દ્વારા લોકો પાસેથી ખાતું ખોલવાના ૨૫ રૂપિયા લેવામાં આવે છે. એટલે કે જનધન યોજના હેઠળ આ સેન્ટર દ્વારા ગ્રાહકો પાસેથી પૈસા લઈ ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી રહી છે અને સેન્ટરના સંચાલક ૨૫ રૂપિયા લેવાની વાતને સમર્થન પણ આપી રહ્યા છે.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

મોડાસાની એસબીઆઈ બેંક દ્વારા અત્યાર સુધીમાં ડિવિઝનમાં ૧૨ હજાર કરતા વધારે જન ધન યોજના હેઠળ ખાતા ખોલવામાં આવ્યા છે અને હજુ આ ખાતા ખોલવાની પ્રોસેસ ચાલુ જ છે આ યોજના હેઠળ સેન્ટર દ્વારા ૨૫ રૂપિયા લેવાય તેવું જવાબદાર અધિકારીને પૂછતા તેમણે આ સેન્ટર ઉપર તપાસ કરીને તે સેન્ટરને બંધ કરવાની વાત કરી રહ્યા છે.

સરકારની મોટી મોટી યોજનાઓ સારા આશય સાથે બહાર પાડે છે અને યોજાનો પ્રચાર પ્રસાર પણ કરે છે પરંતુ કેટલાક લે ભાગુ લોકો અને ભ્રષ્ટાચારીઓના કારણે આવી મફત યોજના પણ પૈસા લેવા વાળી બની જાય છે જેથી આવા લોકોપર સરકાર દ્વારા અંકુશ લગાવાય નહીં તો ગરીબ લોકો લૂંટાતા જ રહેશે.

# વડ તળાવ પ્રાથમિક શાળાના બાળકો દોઢ માસથી મધ્યાહ્ન ભોજનથી વંચિત

## સંચાલકની નિમણુંક બાબતે ડખો : તાલુકા કેળવણી નિરીક્ષકે આચાર્યને નોટીસ ફટકારી હતી

ડીસા, તા. ૨૪

ડીસા-ઢુવા રોડ પર આવેલી વડ તળાવમાં પ્રા. શાળામાં સંચાલકની નિમણુંકના વિવાદને લઈ મધ્યાહ્ન ભોજનનું રસોડું છેલ્લા દોઢ માસથી બંધ હોવાથી વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી ગઈ છે. ત્યારે શિક્ષણ વિભાગ દ્વારા સંચાલકની નિમણુંકના વિવાદને ઉકેલી બાળકોને મધ્યાહ્ન ભોજન યોજનાનો વહેલી તકે લાભ આપવા માટે વાલીઓની માંગણી છે.

પ્રાપ્ત વિગતો મુજબ જુના ડીસાની હદમાં ડીસા-ઢુવા રોડ પર આવેલી વડતળાવ પ્રા. શાળામાં ખાલી પડેલ મધ્યાહ્ન ભોજન સંચાલકની જગ્યા માટે આરતીબેન પ્રદીપકુમાર ને નિમણુંકનો ઓર્ડર આપવામાં આવ્યો હતો પરંતુ ઉમેદવાર આચાર્યના સાળાની પત્નિ હોવાથી એસએમસી કમિટી, કમિટીના સભ્યો, શાળાની જમીનના દાતા અને પાણીના દાતાએ વિરોધ કરી જણાવ્યું હતું કે જો આરતીબેન શાળામાં આવશે તો અમે શાળાને તાળાબંધી કરીશું આથી આ બાબતે યોગ્ય ઉકેલ લાવવા શાળાના આચાર્ય દ્વારા શિક્ષણ વિભાગમાં રજુઆત કરવામાં આવી છે બીજી તરફ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ નિમણુંક પામેલા અરજદારને સંચાલક તરીક હાજર કરી બાળકોને મધ્યાહ્ન ભોજન યોજનાનો લાભ અપાવવા સુચન કરી સરકારે કરેલી નિમણુકમાં એચએમસી સમિતિની દખલગીરી કરવાનો હક રહેતો ન હોવાથી આત્મસચિવની રૂએ આચાર્યને આ બાબતે કોઈ હસ્તક્ષેપ નહી કરવા જણાવી આચાર્યએ મધ્યાહ્ન ભોજન સંચાલકને હાજર નહી કરતા તાલુકા કેળવણી નિરીક્ષકને શિસ્તભંગની નોટીસ ફટકારી હતી.

જો કે આરતીબેન ફરજ ઉપર આવે તો જમીનના દાતા શાળાને તાળાબંધી અને પાણીના દાતા દ્વારા પાણી બંધ કરવાની તેમજ મારવાની ધમકી આપી રહ્યા હોવાનો આચાર્યએ નોટીસનો જવાબ આપ્યો હતો. આમ છતાં હજુ શાળા સંચાલકની નિમણુંકનો મામલો નહીં ઉકેલાતા બાળકો મધ્યાહ્ન ભોજનથી વંચિત બન્યા છે.

# બોભા ગામના યુવાનનું તવાળમાં ડુબી જતા મોત

પ્રાંતિજ તા.૨૪

પ્રાંતિજ તાલુકના બોભા ગામે આવેલ તળાવમાં પડી જવાથી ૧૭ વર્ષીય કિશોરનું મોત થવા પામ્યુ હતું.



બોભા ગામે રહેલા દશરથ સંગ રાઠોડ નામનો ૧૭ વર્ષીય કિશોર પોતાના ઘરની પાસે આવેલા તળાવ નજીક કુદરતી હાજતે જવા નિકળ્યો હતો. પરંતુ મોડી સાંજ સુધી પરત ઘરે ન આવતા પરિવાર જનો એ બે દિવસ સુધી શોધખોળ હાથ ધરી હતી. જયારે બીજા દિવસે તળાવ પાસે સ્થિત શાળાના બાળકોને તળાવમાં કોઈનો પગ દેખાતા આ બનાવ અંગે આસપાસના રહીશોને જાણ કરતા રહીશો દોડી આવ્યા હતા અને બાળકના મૃતદેહને પાણી માંથી બહાર કાઠયો હતો. પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે બનાવ સ્થળે આવી મૃતદેહને પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો. ત્રણ બહેનો વચ્ચે એકનો એક દિકરો અચાનક નજર સમક્ષથી અલવિદાય લઈ લેતા ત્રણ દિકરીઓ સહિત માતા ઉપર હાલતો આભ ફાટયું છે. યુવાનના મોત સંદર્ભે પરિવારજનો અને ગ્રામજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

# સીતવાડા ગામે યુવાને ઝેરી દવા પી લેતા મોત

પ્રાંતિજ, તા.૨૪


પ્રાંતિજ તાલુકાના સીતવાડા ખાતે રહેતા દિનુસિંહ અમરસિંહ રાઠોડે પોતાના ઘરે કોઈ કારણોસર ઝેરી દવા ગટગટાવી લીધી હતી.

સીતવાડાના યુવાને અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતા બેભાન અવસ્થામાં તેને હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં સારવાર દરમિયાન તેનું કરૂણ મોત નિપજયું હતું. આ મામલે પલીસને જાણ થતા પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# હાથમતી જળાશય યોજનાના ખાલી કવાટર્સ પર ગામ લોકોનો ગેરકાયદેસર કબજો છતાં તંત્ર ચુપ

(જીતેન્દ્ર પટેલ) મોડાસા તા.૨૪

ગુજરાતીમાં કહેવત છે કે વાડ ચિભડા ગળે એટલે કે રક્ષક જ ભક્ષક કે ભિલોડાની હાથમતિ જળાશય યોજનામાં ડેમ બન્યો ત્યારે વર્ષો પહેલા બનાવાયેલા કર્વાટર્સમાં ૧૦ વધુ ઘરો અજાણ બની રહયા છે. આ ગેરકાયદેસર વસાહતીઓ સામે કોઈ નકકર પગલા ન લેવાતા લોકોમાં ભારે કવાર્ટસના તાળા તોડીને ૧૦થી ૧૨ જેટલા ગામ લોકો બિલકુલ ગેરકાયદેસર રીતે ઘુસી ગયા છે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

બને તેવી સ્થિતિ પેદા થઈ હોવા છતાં આખે આખું સરકારી તંત્ર કુંભકર્ણની નિદ્રામાં પોઢી રહયું છે. બન્યુ એવું છે ગ્રામવાસીઓ એ ૨૫ વર્ષથી કબજો કર્યો હોવા છતાં સિંચાઈ ખાતાના અધિકારીઓ જાણતા નથી કે પછી આશ્ચર્ય ફેલાયું છે. ત્યારે સિંચાઈ મંત્રી આવા ફરજ પ્રત્યે બેદરકાર અધિકારીઓને આકરી સજા કરે તેવી જનતાની માંગ છે.

સિંચાઈ વિભાગના મંત્રીને શરમાવે તેવું અજબ ગજબનું કૌભાંડ ભિલોડાની હાથમતિ સિંચાઈ યોજનામાં છેલ્લા ૨૫ વર્ષેથી ચાલી રહયું છે. હાથમતિ ડેમ વર્ષો પહેલા બન્યો ત્યારે અહી કર્મચારીઓને રહેવા માટે કવાર્ટસ બનાવવામાં આવ્યા હતા. આ કર્વાટસ સમય જતા અધિકારીઓ ને તો રહેવા લાયક ન લાગ્યા પણ છેલ્લા ૨૫ વર્ષેથી આ નવાઈની વાત તો એ છે નાયબ કાર્યપાલક ઈજનેર વર્ક ચાર્જ સહિતના કર્મચારીઓ ફરજ બનાવતા હોવા છતા આ ગેરકાયદેસર રહેતા લોકો દેખાતા નથી. વધુ ચોકાવનારી વાત તો એ છે કે છેલ્લા ૨૫ વર્ષથી કબજો જમાવનાર ગામ લોકો પુરા સરસમાન અને પશુઓ સાથે સરકારી મિલ્કતમાં કોઈપણ ભથ્થુ ચુકવ્યા વિના બિન્દાસ રહે છે. તેમ છતાં તમામ કર્મચારીઓ ઘોર નિદ્રામાં દેખાય છે. જયારે કેટલાક કબજેદારોએ બિન્દાસ મફતિયા સરકારી કર્વાટર્સમાં વીજળીના કનેકશન પણ મેળવી લીધા છે.

# દાંતીવાડામાં મોબાઈલ નેટવર્ક કંપનીઓની ઉઘાડી લૂંટ

દાંતીવાડા, તા. ૨૪

દાંતીવાડામાં મોબાઈલ નેટવર્ક કંપનીઓની ઉઘાડી લુંટ !

દાંતીવાડા કોલોની સ્થિત અલગ-અલગ કંપનીઓ ના મોબાઈલ ટાવરો આસમાન આંબતી ઉંચાઈઓ એ ઉભા કરવામાં આવ્યા છે. પરંતુ આ કંપનીઓ ઈન્ટરનેટ ઉપયોગ કરતા ગ્રાહકો જોડેથી ઈન્ટરનેટની સ્પીડ નઆપી વધુ પૈસા લુટી રહ્યા છે. આ બાબતે ગ્રાહકો ઉગ્ર રોષે ભરાયા છે.

ઈન્ટરનેટ પ્રેમીઓમાંથી મળતી માહિતી એ દાંતીવાડા કોલોનીમાં વોડાફોન અને આઈડિયા કંપની ના ઈન્ટરનેટ પ્લાનોમાં કંપનીઓ દ્વારા થોડા સમય પહેલા થ્રીજી ની ભર બજાર રીક્ષા ઉપર શોર સાથે જાહેરાતો કરાઈ હતી અને તે સમયે લોકો દ્વારા થ્રીજી ઈન્ટરનેટ પ્લાન ના રીચાર્જો કરાવતા નેટમાં સ્પીડ વધુ મળતા ઈન્ટરનેટ પ્રેમીઓમાં ખુશી છવાઈ હતી. પરંતુ આ ખુશીનો માહોલ અમુક સમય બાદ હમણાના દિવસોમાં ઈન્ટરનેટ ની સ્પીડોમાં એટલી હદે ઘટાડો થવા પામ્યો છે કે જેના કારણે ઉપયોગ કર્તાઓમાં નેટ બાબતમાં આ કંપનીઓ પર બેહદ રોષ અને ગુસ્સો દેખવા મળી રહ્યો છે. આમ આ કંપનીઓના મોંઘા ભાવે થતા ઈન્ટરનેટ રીચાર્જ હાલમાંતો થ્રીજી કોભાડ સમાનજ ગણી સકાય અને હવે ઈન્ટરનેટ પ્રેમીઓનો આ ઉગ્ર રોષ કોઈ આંદોલન નો રસ્તો અપનાવે તે પહેલા કંપનીઓએ ગ્રાહકોને સંતોષ કારક નેટ સ્પીડ પૂરી પડાય તેવી ઉપયોગ કર્તાઓમાં માંગ ઉઠવા પામી છે.

# એસ.ટી. ડેપોમાં સી.સી.ટી.વી કેમેરા ગોઠવવા આદેશ

મહેસાણા તા.૨૪

જિલ્લાના જાહેર સુલેહ અને શાંતિ તેમજ ગેરકાયદેસર પ્રવૃતિઓને ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ડો. નરેન્દ્ર મીનાએ એસ.ટી.ડેપોમાં તેમજ અવર જવર વધુ હોય તેવી જગ્યાએ સી.સી.ટી.વી કેમેરા ગોઠવવા આદેશ કર્યો છે.

જેમાં એસ.ટી.સ્ટેન્ડની અંદર-બહારના ભાગે સંપુર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા બસ સ્ટેન્ડ પ્રવેશતા અને બહાર નીકળતા તમામ માણસોની અવર જવર જોઈ શકાય અને તમામના ચેહરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા કેમેરા ઉચ્ચ ગુણવત્તાવાળા લગાવવા અને તેનો સમય ભારતીય સ્ટાન્ડર્ડ ટાઈમ મુજબ સેટ કરવા. ડેપોના બહારના ભાગે પી.ટી.ઝેડ કેમેરા ગોઠવવા ડેપોના તમામ પાર્કિગની જગ્યામાં સંપુર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા આદેશ કર્યો છે.

આ સી.સી.ટી.વી કેમેરાના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવો તેમજ કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો તેમજ વહીવટકર્તાઓની રહેશે. આ જાહેરનામું પ્રસિધ્ધ થયાના સાત દિવસમાં વ્યવસ્થા કરવાની રહેશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારીએ આ જાહેરનામાનો સંપુર્ણ રીતે અમલ કરાવવાનો રહેશે.

આ જાહેરનામાનો અમલ તારીખ ૧૫ ડિસેમ્બર ૨૦૧૪ થી ૧૧ ફેબ્રુઆરી સુધી લાગું પડશે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે તેમ જિલ્લા મેજીસ્ટ્રેટ ડો. નરેન્દ્ર મીનાની યાદીમાં જણાવાયું છે.

# તાજપુર પાસે અજાણ્યા વાહનની ટકકરે બાઈકસવારનું કરૂણ મોત

પ્રાંતિજ, તા.૨૪

ચિલોડા-હિંમતનગર નેશનલ હાઈ-વે પર તાજપુર કૂઈ નજીક સોમવારે રાત્રે એક અજાણ્યા વાહનના ચાલકે બાઈક સવાર યુવાનને ટકકર મારતા તેનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકાના તાજપુર કૂઈ ગામ પાસે રહેતો સાધુ ધાસી કાનજી તાતીયા (ઉ.વ.૨૮) કલોલ રેલવેમાં ફરજ બજાવે છે. મૂળ ઓરિસ્સાનો યુવાન પોતાની નોકરી પતાવી પોતાના બાઈક જીજે-૯-સીએલ ૭૧૦૧ પર પરત ઘરે આવી રહ્યો હતો દરમિયાન માર્ગ પર મોડી રાત્રે અજાણ્યા વાહનના ચાલકે જોરદાર ટકકર મારતા યુવાનને શરીરે ગંભીર ઈજાઓ થતા તેનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયું હતું. આ મામલે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી અજાણ્યા વાહનની શોધખોળ શરુ કરી છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

**પાલનપુરમાં કૃષિ શિબિર**

પાલનપુરના નવા માર્કેટ યાર્ડ ડેરી રોડ ખાતે ખેડૂતોના હિતાર્થે કૃષિ શિબિર યોજાઈ હતી. જેમાં વાય.આઈ. શિહોરા, સંતોષ ત્રિવેદી, લોકેશ આરેકર, સંજય પાંડે સહિત મોટી સંખ્યામાં ખેડૂતો જોડાયા હતા.

# હવે, લાભાર્થીઓને ઘરે બેઠા એલપીજી ગેસ સબીસીડીનો લાભ મળશે

મોડાસા, તા. ૨૪

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો- ૨૦૧૩ ના અમલીકરણ માટે સામાજીક, આર્થિક વસ્તી ગણતરી અંતર્ગત લાભાર્થીઓને પોતના યોજનાકીય લાભ મળી રહે તે હેતુથી અરવલ્લી જિલલા કલેકટર ધ્વારા એક પત્રકાર પરીષદનું અયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં અન્ન નાગરીક પુરવઠા વિભાગ ગાંધીનગર ધવારા ભારત સરકાર તરફથી લાભર્થીઓને એલ.પી.જી ગેસ એજન્સીની ઓનલાઈન સબસીડી ચુકવણી કરવા તેમજ પુરવઠા વિષયક યોજનાની માહિતી આપતા કલેકટર શ્રીએ જણાવ્યું હતું કે, જે લોકો પાસે આધારકાર્ડ ન હોય તેવા ગ્રાહકોને બેંક એકાઉન્ટ નંબર લીન્કેજ કરવા માત્ર ફોર્મ ૩ અને ૪ ભરવાના રહેશે જયારે આધારકાર્ડ ધરાવતા ગ્રાહકોએ ફોર્મ નં -૧ અને ૨ ભરવાના રહેશે.

વધુમાં તેમણે માહિતી આપતા જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા અંતર્ગત જિલલાના ઘર દિઠ વસતી ગણતરી હાથ ધરવામા આવશે. જેમાં જિલલાના ૧૭૩૪ ગ્રામીણ વિસ્તાર તથા શહેરી વિસ્તારના ૧૬૧ ઈલ્યુમિનેશન બલેકનું ૧૮૦ જેટલા વીસીઈ તેમજ કોમ્પ્યુટર ઓપરેટર મારફત ગણતરી કરવામાં આવશે.

આ સર્વે દરમિયાન SECCના ડેટાનો ઉપયોગ કરી દરેક પરીવારનું બારકોડેડ રેશનકાર્ડ સાથે મેપીગ કરવામાં આવશે. જેમાં લાભાર્થીઓને આધારકાર્ડ, બેંક એકાઉન્ટ, મોબાઈલ, ગેસ કનેકશન તેમજ મનરેગા જોબકાર્ડ સહિતની વિગતોની સમાવેશ કરવામાં આવશે.

જેમાં આ માહિતીના આભારે અગ્રતા ધરાવતા કુંટુબો નકકી કરવામાં આવશે. કલેકટરશ્રીએ, દરેક લાભર્થીઓએ પોતાના બેંક ખાતા નંબર, ઈલેકશન કાર્ડ, આધાર કાર્ડ, ગેસ કનેકશન, મનરેગા કાર્ડ સહિતના ફોટોગ્રાફ સીધા અપલોડ કરવાના હોઈ હાથવગા રાખવા અપીલ કરી છે.

આ પત્રકાર પરીષદમાં જિલ્લા પુરવઠા અધિકારી શ્રી જસવંત જેગાડા તથા આઈઓસીયુના જિલ્લા કો-ઓર્ડિનેટર શ્રી શર્મા સહિત પત્રકારો ઉપસથિત રહ્યા હતા.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD
Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧



ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦


# આજે પાલનપુર મુકામે શ્રમયોગી કલ્યાણ મેળો યોજાશે

પાલનપુર, તા. ૨૩

આવતીકાલ તા. ૨૫ ડિસેમ્બરના રોજ પાલનપુર ખાતે રામલીલા મેદાનમાં બપોરે ૩ વાગે શ્રમયોગી કલ્યાણ મેળો યોજાશે. આ પ્રસંગે ગુજરાત સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અન્વયે ૩૦૨૫ થી વધુ શ્રમયોગી લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે લાભનું વિતરણ કરવામાં આવશે. આ પ્રસંગે સ્ટેજ ઉપરથી ૨૫ લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે લાભનું વિતરણ કરવામાં આવશે. તેમજ અન્ય લાભાર્થીઓ માટે ત્યાં બનાવાયેલ પેટા સ્ટેજ ઉપરથી લાભનું વિતરણ કરવામાં આવશે. જેમાં જનધન યોજના, જીલ્લા ઉધોગ કેન્દ્ર દ્વારા સાઈકલ સહાય, ડી.આર.ડી.એ. દ્વારા કેશ ક્રેડીટ અને રીવોલ્વીંગ ફંડ, યુવીન કાર્ડ, આરોગ્યની યોજનાઓ, ટ્રાયબલ સબ પ્લાન દ્વારા પશુપાલન સહાય, મીઠા શ્રમીકોને સાયકલ સહાય, સેફટી કાર્ડ, મીશન મંગલમ, શૌચાલય યોજના વગેરે યોજનાઓ અંતર્ગત લાભાર્થીઓને લાભનું વિતરણ કરવામાં આવશે.

શ્રમયોગી કલ્યાણ મેળાને સંપૂર્ણ સફળ બનાવવા કલેકટરશ્રીની સુચના અને માર્ગદર્શન અનુસાર જીલ્લા વહીવટી તંત્ર દ્વારા વ્યાપક તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.